**પ્રધાનમંત્રીએ "સૌ માટે યોગ્ય અને ન્યાયપૂર્ણ ભવિષ્ય" પરના G20 સત્રને સંબોધિત કર્યું (23 નવેમ્બર, 2025)**

23 નવેમ્બર, 2025

પ્રધાનમંત્રીએ આજે "સૌ માટે યોગ્ય અને ન્યાયપૂર્ણ ભવિષ્ય - મહત્વપૂર્ણ ખનિજો; યોગ્ય કાર્ય; કૃત્રિમ બુદ્ધિમત્તા" પરના G20 શિખર સંમેલનના ત્રીજા સત્રને સંબોધિત કર્યું. પ્રધાનમંત્રીએ મહત્વપૂર્ણ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાની રીતમાં મૂળભૂત ફેરફાર લાવવા આહ્વાન કર્યું. તેમણે નોંધ્યું કે ટેક્નોલોજીના આવા ઉપયોગો 'નાણાં-કેન્દ્રિત' ને બદલે 'માનવ-કેન્દ્રિત', 'રાષ્ટ્રીય' ને બદલે 'વૈશ્વિક' હોવા જોઈએ, અને 'વિશિષ્ટ મોડેલ' ને બદલે 'ઓપન સોર્સ' પર આધારિત હોવા જોઈએ. તેમણે વિગતવાર જણાવ્યું કે આ દૃષ્ટિકોણને ભારતના ટેક્નોલોજી ઇકોસિસ્ટમમાં સંકલિત કરવામાં આવ્યો છે અને તેના પરિણામે નોંધપાત્ર ફાયદા થયા છે, પછી ભલે તે અવકાશના ઉપયોગમાં હોય, AI હોય કે ડિજિટલ ચુકવણીઓ, જેમાં ભારત વિશ્વ અગ્રણી છે, તે હોય.

2. કૃત્રિમ બુદ્ધિમત્તા પર બોલતા, પ્રધાનમંત્રીએ સમાન સુલભતા, વસ્તી-સ્તરે કૌશલ્ય નિર્માણ, અને જવાબદાર ઉપયોગ પર આધારિત ભારતના અભિગમની રૂપરેખા આપી. તેમણે નોંધ્યું કે ભારત-AI મિશન હેઠળ, દેશમાં AI ના લાભો દરેક વ્યક્તિ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુથી સુલભ ઉચ્ચ-કાર્યક્ષમ કમ્પ્યુટિંગ ક્ષમતાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. AI નો ઉપયોગ વૈશ્વિક હિતમાં પરિવર્તિત થવો જોઈએ તેના પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ પારદર્શિતા, માનવીય દેખરેખ, ડિઝાઇનમાં જ સુરક્ષા અને દુરુપયોગ અટકાવવાના સિદ્ધાંતો પર આધારિત વૈશ્વિક પ્રભાવ માટે આહ્વાન કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે AI ના ઉપયોગથી મનુષ્યોની ક્ષમતાઓ વિસ્તૃત થવી જોઈએ, પરંતુ અંતિમ નિર્ણય મનુષ્યો દ્વારા જ થવો જોઇએ. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત ફેબ્રુઆરી 2026 માં 'સર્વજનમ હિતાય, સર્વજનમ સુખાય' [સૌના કલ્યાણ માટે, સૌના સુખ માટે] થીમ સાથે AI પ્રભાવ શિખર સંમેલનનું આયોજન કરશે, અને તમામ G20 દેશોને આ પ્રયાસમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

3. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે AI ના યુગમાં, આપણા અભિગમને 'આજની નોકરીઓ' થી 'આવતીકાલની ક્ષમતાઓ' તરફ ઝડપથી બદલવાની જરૂર છે. નવી દિલ્હી G20 શિખર સંમેલનમાં પ્રતિભાની ગતિશીલતા પર થયેલી પ્રગતિને યાદ કરતા, તેમણે પ્રસ્તાવ મૂક્યો કે આ જૂથે આવનારા વર્ષોમાં પ્રતિભાની ગતિશીલતા માટે એક વૈશ્વિક માળખું વિકસાવવું જોઈએ.

4. પ્રધાનમંત્રીએ વૈશ્વિક સુખાકારી માટે ભારતના સંદેશ અને પ્રતિબદ્ધતાને વ્યક્ત કરીને સમાપન કર્યું– તેનો અર્થ એ છે – કે તે વિકાસ કે જે સાતત્યપૂર્ણ હોય, વેપાર કે જે વિશ્વસનીય હોય, નાણાંકીય વ્યવસ્થા કે જે ન્યાયપૂર્ણ હોય, અને પ્રગતિ કે જેમાં દરેક સમૃદ્ધ થાય, તે માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન [અહીં] જોઇ શકાય છે.

જોહાન્સબર્ગ

23 નવેમ્બર, 2025